# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 22-08-2024 Evening : 7.50 to 8.00
Day : Thursday National News

**આકાશવાણી સમાચાર અનિલ પટેલ વાંચે છે.**

***************************************************

- ✓ ભારત અને પોલેન્ડે તેમના સંબંધોને, વ્યૂહાત્મક સંબંધોમાં પરિવર્તિત કરવાનો નિર્ણય લીધો છે.
- ✓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રીય વિજ્ઞાન પુરસ્કાર 2024 એનાયત કર્યા.
- ✓ મુખ્ય ચૂંટણી કમિશ્નરના અધ્યક્ષપદે હરિયાણા, જમ્મુ અને કાશ્મીર વિધાનસભાની ચૂંટણીના નિરીક્ષકોની બેઠક આજે દિલ્હીમાં યોજાઇ ગઇ.
- ✓ વકફ સુધારા વિધેયક 2024 માટેની સંયુક્ત સંસદિય સમિતિ - **JPC**ની પહેલી બેઠક આજે દિલ્હીમાં યોજાઇ ગઇ.
- ✓ કોલકાતાની આર.જે.કાર હોસ્પીટલના તબીબ સાથે દુષ્કર્મ અને હત્યા કેસની તપાસ કરી રહેલ સીબીઆઇ અને કોલકાતા પોલીસે આજે સર્વોચ્ચ અદાલતમાં સ્ટેટસ રીપોર્ટ રજૂ કર્યો.
- ✓ ઇઝરાયેલની રાષ્ટ્રીય સલામતિ અંગેની કેબિનેટની બેઠક આજે તેલ અવિવમાં યોજાશે.

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## EVE PM - POLAND VISIT

ભારત અને પોલેન્ડે તેમના સંબંધો વ્યૂહાત્મક સંબંધોમાં પરિવર્તિત કરવાનો નિર્ણય લીધો છે. પોલેન્ડની મુલાકાતે ગયેલા પ્રધાનમંત્ર નરેન્દ્ર મોદીએ આજે પોલેન્ડના પ્રધાનમંત્રી ડોનાલ્ડ ટસ્ક સાથે વોરસોમાં પ્રતિનિધિસ્તરની બેઠક બાદ આ મુજબ જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે, બંને દેશો વચ્ચેના 70 વર્ષના રાજદ્વારી સંબંધો એ લોકશાહી અને કાયદાના નિયમો તથા મૂલ્યો આધારિત છે. ભારત અને પોલેન્ડ વચ્ચેના સંબંધો મજબૂત બનાવવામાં શ્રી ડોનાલ્ડ ટસ્કની ભૂમિકાને પ્રધાનમંત્રીએ બિરદાવી હતી. શ્રી મોદીએ કહ્યું કે, વર્ષ 2022માં યુક્રેન સંઘર્ષ વખતે ભારતીય વિદ્યાર્થીઓને બચાવવામાં પોલેન્ડે ભજવેલી ભૂમિકાને કયારેય ભૂલી શકાશે નહિં. શ્રી મોદીએ ઉદ્યોગ ક્ષેત્રે ભારતીય કંપનીઓ સાથે કામગીરી સઘન બનાવવા પોલેન્ડની કંપનીઓને આમંત્રણ આપ્યું હતું.

યુક્રેન અને પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષો બધા માટે ચિંતાનો વિષય છે. એમ જણાવીને શ્રી મોદીએ કહ્યું કે, કોઇપણ સમસ્યાનો ઉકેલ યુદ્ધ મેદાનમાં આવી શકે નહીં. તેવું ભારત દ્રઢપણે માને છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું આજે વોરસોમાં વિધિવત સ્વાગત કરવામાં આવશે. આ પ્રસંગે શ્રી ડોનાલ્ડ ટસ્ક ઉપસ્થિત રહેશે. ત્યારબાદ શ્રી મોદી સૈનિકોના સ્મારક ખાતે પુષ્પચક્ર અર્પણ કરીને શહીદ જવાનોને અંજલિ આપશે.

બે દેશોની મુલાકાતના બીજા અને અંતિમ તબક્કામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે યુક્રેન પહોંચશે.

## PM TRIBUTE TO JAM SAHEB

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોલેન્ડમાં ભારત અને પૉલેન્ડ વચ્ચે જામસાહેબ મેમોરિયલ યૂથ એક્સચેન્જ કાર્યક્રમ શરૂ કરવાની જાહેરાત કરી છે, જે

અંતર્ગત પૉલેન્ડના 20 વિદ્યાર્થીઓ પ્રતિવર્ષ ભારતની મુલાકાત લેશે અને ભારતના સાંસ્કૃતિક વારસા વિશે માહિતી મેળવશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમની પૉલેન્ડ યાત્રા દરમિયાન વારસો શહેરમાં જામનગરના જામ સાહેબ દિગ્વિજયસિંહના ‘ગુડ મહારાજા સ્કેવર સ્મારક’ ખાતે પુષ્પાંજલિ અર્પણ કરી હતી. તેમણે પૉલેન્ડ અને જામનગરના સંબંધોને સ્મરણ કરતા જણાવ્યું કે, જામનગર જામ સાહેબનો અપાર પ્રેમ તેમની ઉપર છે.

## PRESIDENT-VIGYAN PURASKAR

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે રાષ્ટ્રપતિ ભવન ખાતે રાષ્ટ્રીય વિજ્ઞાન પુરસ્કાર 2024 એનાયત કર્યા. આ સમારોહમાં પ્રોફેસર ગોવિંદરાજન પદ્મનાભનને ‘વિજ્ઞાન રત્ન 2024’ પુરસ્કારથી સમ્માનિત કરાયા.

ડૉ. આનંદરામક્રિષ્નનને કૃષિ વિજ્ઞાનમાં પ્રદાન બદલ ‘વિજ્ઞાન શ્રી’ પુરસ્કારથી સમ્માનિય કરાયા. ઉપરાંત ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર (BARC), મુંબઈના ડૉ. અવેશ કુમાર ત્યાગીને અણુ ઊર્જા ક્ષેત્રે ‘વિજ્ઞાન શ્રી’ તેમજ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (IISER), પુણેના પ્રો. જયંત ભાલચંદ્ર ઉદગાંવકરને જૈવિક વિજ્ઞાનમાં ‘વિજ્ઞાન શ્રી’ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

## VP – GUJARAT

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આવતીકાલે અમદાવાદ અને ગાંધીનગરની મુલાકાતે આવશે. તેઓ ગાંધીનગરમાં નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી મેમ્બર્સને સંબોધશે. ઉપરાષ્ટ્રપતિ અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી ખાતે ધર્મ ધમ્મ આંતરરાષ્ટ્રીય પરિષદ ખાતે મુખ્ય અતિથી તરીકે ઉપસ્થિત રહેશે..

## EC-OBSERVERS MEETING

મુખ્ય ચૂંટણી કમિશ્નરના અધ્યક્ષપદે હરિયાણા અને જમ્મુ અને કાશ્મીર વિધાનસભાની ચૂંટણીના સામાન્ય, પોલીસ અને ખર્ચ નિરીક્ષકોની બેઠક આજે દિલ્હીમાં યોજાઇ ગઇ.

મુખ્ય ચૂંટણી કમિશ્નર રાજીવકુમાર અને ચૂંટણી કમિશ્નરો જ્ઞાનેશકુમાર અને સુખબીરસિંહ સંધુએ આ બેઠકમાં બંને રાજયોના નિરીક્ષકોને માર્ગદર્શન આપ્યું હતું.

બેઠક બાદ પત્રકારો સાથેની વાતચીતમાં શ્રી રાજીવકુમારે નિરીક્ષકોને જણાવ્યું હતું કે, તેઓ ચૂંટણીપંચના પ્રતિનિધિઓ છે. અને તેમની કામગીરી વ્યવસાયિક સ્તરની હોવી જોઇએ. શ્રી રાજીવકુમારે કહ્યું કે, બંને રાજયોમાં વિધાનસભાની ચૂંટણી મુક્ત અને ન્યાયિ રીતે યોજાશે.

આ બેઠકમાં ભારતીય વહીવટી, પોલીસ અને મહેસૂલ સેવાના 400થી વધુ અધિકારીઓએ ભાગ લીધો હતો.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

## EVE. JPC-WAQF

વકફ સુધારા વિધેયક 2024 માટેની સંયુક્ત સંસદિય સમિતિ - **JPC**ની પહેલી બેઠક આજે દિલ્હીમાં યોજાઇ ગઇ. ભાજપના સાંસદ જગદમ્બિકા પાલના અધ્યક્ષપદે રચાયેલી **JPC**માં 31 સાંસદો છે. આ પૈકી 21 સાંસદો લોકસભાના અને 10 સાંસદો રાજયસભાના છે. લોકસભાએ **JPC**ને સંબંધિત વિધેયકની સમિક્ષા કરવા જણાવ્યું છે.

આ બેઠકમાં લઘુમતિ બાબતોના અને કાનૂન મંત્રાલયના અધિકારીઓએ વિધેયકના મુસદ્દામાં સૂચવાયેલા વિવિધ સુધારાઓની વિગતો **JPC**ના સભ્યોને આપી હતી. બેઠક બાદ પત્રકારો સાથેની વાતચીતમાં **JPC**ના વડા શ્રી પાલે જણાવ્યું હતું કે, આ વિધેયકની જોગવાઇઓ અંગે ચર્ચા કરતી વખતે **JPC** લઘુમતિ સંગઠ્ઠનોના લોકોને વધુ તક આપશે. **JPC** દ્વારા વિધેયકમાં સુચવાયેલા તમામ 44 સુધારાઓ અંગે ચર્ચા કરાશે.

## KOLKATA-CBI

કોલકાતાની આર.જે.કાર હોસ્પીટલના તબીબની સાથે દુષ્કર્મ અને હત્યા કેસમાં તપાસ કરી રહેલ સીબીઆઇ અને કોલકાતા પોલીસે આજે સર્વોચ્ચ અદાલતમાં સ્ટેટસ રીપોર્ટ એટલે કે, અત્યાર સુધીની તપાસનો અહેવાલ રજૂ કર્યો છે.

ઉલ્લેખનીય છે કે. ન્યાયમૂર્તિ ડી.વાય.ચંદ્રચૂડના વડપણ હેઠળની બેંચે કોલકાતા હોસ્પીટલની ઘટનાની જાતે જ નોંધ લઇને સર્વોચ્ચ અદાલતે કરેલા કેસની સુનાવણી આજે હાથ ધરી હતી. સુનાવણીના આરંભે ન્યાયમૂર્તિએ આંદોલન કરી રહેલા તબીબોને જાહેર આરોગ્ય સેવાના હિતમાં ફરજ પર પાછા ફરવાની અપીલ કરી હતી.

ઉલ્લેખનીય છે કે, વિવિધ તબીબી સંગઠ્ઠનોએ આ મુદ્દે માર્ગદર્શન આપવા વિનંતી કરતી અરજીઓ સર્વોચ્ચ અદાલતમાં કરી છે. કોલકાતાની હોસ્પીટલના બનાવના પગલે સમગ્ર દેશમાં રોષ વ્યાપ્યો છે અને તબીબોએ દેશના વિવિધ સ્થળોએ તબીબી વ્યવસાય સાથે સંકળાયેલા લોકોની સલામતી સુનિશ્ચિત કરવાની માંગણી સાથે દેખાવો યોજ્યા છે.

દરમ્યાન, આ કેસની તપાસ કરી રહેલી કેન્દ્રિય તપાસ સંસ્થા સીબીઆઇએ કોલકાતા મેડિકલ કોલેજના ભૂતપૂર્વ આચાર્ય સંદિપ ઘોષની પૂછપરછ શરૂ કરી છે. તો બીજી તરફ બંગાળના આરોગ્યવિભાગે ડૉ.માનસ બંદોપાધ્યાયની કાર મેડિકલ

કોલેજના નવા આચાર્ય તરીક નિમણુંક કરી છે. એવી જ રીતે સંદિપ ઘોષની નેશનલ મેડિકલ કોલેજના આચાર્ય તરીકે જાહેર કરાયેલા બદલીના આદેશને પશ્ચિમ બંગાળ સરકારે રદ કર્યો છે.

## MUMBAI-HC-BADLAPUR-CASE

મુંબઇની વડી અદાલતે થાણેના બદલાપુર ખાતેની શાળામાં બે બાલિકાઓ સાથેના જાતીય સતામણીના કેસની તપાસમાં પોલીસ દ્વારા થયેલી ત્રુટીઓ માટે મહારાષ્ટ્ર પોલીસને ઠપકો આપ્યો છે. વડી અદાલતના ન્યાયાધિશ રેવતી ડેરે અને પૃથ્વીરાજ ચૌહાણની ખંડપીઠે સંબંધિત ગુનાની જાણકારી આપવામાં શાળાના સત્તાવાળાઓ નિષ્ફળ રહ્યા હોવાનું અવલોકન કર્યું હતું. અને આ અંગે શાળાના સત્તાવાળાઓ સામે કાર્યવાહી કરવાનો નિર્દેશ વહીવટીતંત્રને આપ્યો હતો. આ ઉપરાંત વડી અદાલતે આ કેસને લગતા તમામ દસ્તાવેજો અને ફાઇલો અદાલતમાં રજૂ કરવાનો પણ નિર્દેશ આપ્યો છે.

અદાલતે કેસની નોંધણીમાં થયેલા વિલંબ અંગે પ્રશ્ન ઉભો કરીને જણાવ્યું હતું કે, આ પ્રકારનો વિલંબ પોલીસોનો સંપર્ક સાધનાર લોકોનો ઉત્સાહ ભંગ કરી શકે છે.

વડી અદાલત આ કેસની હવે પછીની સુનાવણી 29મી ઓગષ્ટે હાથ ધરશે.

## ISRAEL---NATIONAL-SECURITY-MEET

ઇઝરાયેલની રાષ્ટ્રીય સલામતિ અંગેની કેબિનેટની બેઠક આજે તેલ અવિવમાં ઇઝરાયેલના સંરક્ષણ દળોના વડામથકે યોજાશે. આ બેઠકમાં ઉગ્રવાદી સંગઠન હમાસ સાથેના યુદ્ધમાં સંઘર્ષ વિરામની શકયતાઓ અંગે ચર્ચા કરાશે.

દરમ્યાન, ઇજીપ્તના મધ્યસ્થીથી આ સપ્તાહમાં યોજાનારી શાંતિમંત્રણાની સફળતા અંગે ઇઝરાયેલના વલણના કારણે પ્રશ્નનચિન્હો ઉભા થયા છે. ઇઝરાયેલે

ફીલાડેલ્ફી અને નેટઝરીમ કોરીડોરમાં પોતાના દળો યથાવત રાખવાનું વલણ અપનાવ્યું છે.

જો કે, અમેરિકાના વિદેશમંત્રી એન્ટોની બ્લિન્કને તાજેતરની મુલાકાત બાદ એવી જાહેરાત કરી હતી કે, ઇજીપ્ત અને ગાઝાપટ્ટી વચ્ચેના મહત્વના ફિલાડેલ્ફી કોરિડોરમાંથી પોતાના દળો પાછા ખેંચી લેવા ઇઝરાયેલ સંમત થયું છે. જો કે, ઇઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતાન્યાહૂના કાર્યાલયે ગાઝા ઇજીપ્ત સરહદેથી ઇઝરાયેલી સેના પાછી ખેંચવા બાબતે સંમતિ સધાઇ હોવાનો ઇન્કાર કર્યો છે.

## NEERAJ-DIAMOND-LEAGUE

સ્વિર્ઝલેન્ડમાં લોસેન ડાયમંડ લીગ એથ્લેટિક્સ સ્પર્ધાનો આજથી આરંભ થશે. આજે રાત્રે ભારતીય સમય મુજબ 12 વાગીને 10 મીનીટથી શરૂ થનારી આ સ્પર્ધામાં ઓલિમ્પિકમાં બે વખત ચંદ્રક જીતનાર ભારતનો નિરજ ચોપરા ભાગ લેશે.

ઉલ્લેખનીય છે કે, 26 વર્ષિય નિરજ ચોપરાએ તાજેતરમાં પેરિસમાં યોજાયેલી ઓલિમ્પિકમાં રજત ચંદ્રક મેળવ્યો હતો.

## IMD

ભારતીય હવામાન વિભાગે ગુજરાત સહિત પશ્ચિમ તેમજ પૂર્વ અને મધ્યભારતના ઘણા વિસ્તારોમાં આગામી ચાર દિવસોમાં ભારેથી અતિભારે વરસાદ થવાની સંભાવના દર્શાવી છે.

તેવી જ રીતે આગામી સાત દિવસમાં દક્ષિણ ભારતના કેટલાક વિસ્તારમાં પણ ભારે વરસાદ થવાની સંભાવના છે.

હવામાન વિભાગે ગુજરાત, રાજસ્થાન, બિહાર સહિત સાત રાજયોમાં 26મી ઓગષ્ટ સુધીમાં કેટલાક સ્થળોએ ભારે વરસાદ થવાની સંભાવના દર્શાવી છે. તેવી જ રીતે પૂર્વ ભારતના છ રાજયોમાં આગામી પાંચ દિવસમાં ભારે વરસાદ થઇ શકે છે.

## LEH ACCIDENT

લેહ લડાખના દુર્બુક સબ-ડિવિઝનમાં એક માર્ગ અકસ્માતમાં ઓછામાં ઓછા સાત લોકોનાં મૃત્યુ થયા છે અને 22ને ઇજા થઈ છે. આજે સવારે એક બસ દુબુક પાસે ઊંડી ખીણમાં ગબડી પડતાં છ વ્યક્તિનાં ઘટના સ્થળે મૃત્યુ થયા હતા અને એક વ્યક્તિએ હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા. લેમડન પબ્લિક સ્કુલની આ બસ શાળાના કર્મચારીઓને લઇને દુર્બુક જઈ રહી હતી ત્યારે આ અકસ્માત સર્જાયો હતો.